હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

અરે. મને ન ઓળખ્યો... કોરોના બાદ આપણે ગાર્ડનમાં રોજ માસ્ક પહેરીને ફરવા જતા હતા...!!

સિમ્સ હોસ્પિટલ દ્વારા ઈન્સ્ટિટ્યૂટ ઓફ એચપીબી અને લિવર ટ્રાન્સપ્લાન્ટનો પ્રારંભ

ગાંધીનગર, તા.૦૯

અમદાવાદમાં સિમ્સ મરેન્ગો એશિયા નેટવર્ક હોસ્પિટલ દ્વારા ઈન્સ્ટિટ્યૂટ ઓફ એચપીબી સર્જરી અને લિવર ટ્રાન્સપ્લાન્ટની શરૂઆત કરવામાં આવી રહી છે. આ ઈન્સ્ટિટ્યૂટની ટીમનું નેતૃત્વ જાણીતા સર્જન ડો. અભિદિપ ચૌધરી દ્વારા કરવામાં આવશે તેમને નાનાં બાળકો અને પુખ્ત વયના લોકોની આશરે ૧૫૦૦ લિવર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી કરવાનો અનુભવ છે. તેમનો અનુભવ બે દાયકા કરતાં પણ વધારે છે અને તેમણે આ વિષય ઉપર કેટલાક પેપર્સ પણ લખ્યાં છે. હિપેટોલોજિસ્ટ અને ગેસ્ટ્રોએન્ટરોલોજિસ્ટ ડો. ભાવેશ ઠક્કર ડો. ચૌધરી તેમજ તેમની ટીમના સભ્યો ડો. નીતિન કુમાર, ડો. ગૌરવ સૂદ અને ડો. વિકાસ પટેલને મદદ કરશે. જ્યારે લિવરની સારવાર કોઈ પણ પ્રકારની દવાઓથી કે અન્ય વિકલ્પોથી કરવાનું અશક્ય બની જાય છે ત્યારે લિવર ટ્રાન્સપ્લાન્ટ કરવું પડે છે. લિવરમાં ઈજા થવાથી, કેન્સર થવાથી, ક્રોનિક હિપેટાઈટિસ સીનાં ઈન્ફેકશનથી, લાંબો સમય સુધી દારૂનું સેવન

કરવાથી, નોન આલ્કોહોલિક ફેટી લિવર રોગોને કારણે અથવા તો પ્રાયમરી બિલ્લેરી સિરોયસિસના કારણે લિવર ફેઈલ થઈ શકે છે. લિવર તાત્કાલિક અથવા લાંબાગાળે ફેઈલ થઈ શકે છે. જે કિસ્સામાં લિવર તરત જ થોડા સપ્તાહોમાં ફેઈલ થઈ જાય તેને એક્યુટ લિવર ફેઈલ્યોર કહે છે.

જાણીતા લિવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડો. અભિદિપ ચૌધરીએ જણાવ્યું હતું કે લિવર એ માનવ શરીરનું રસોડું છે તેને સ્વસ્થ રાખવું એ ફરજ છે. તે માનવ શરીરનું એકમાત્ર મોટું અંગ છે અને એવું અંગ છે કે જે આપમેળે બને છે. તે શરીરનું સંતુલન જાળવવામાં અગત્યની ભૂમિકા ભજવે છે. એક અદ્ભુત વાત એ છે કે લિવરનો નાનો ટુકડો માણસનાં શરીરમાં ટ્રાન્સપ્લાન્ટ કર્યા બાદ બહુ રાહ નથી જોવી પડતી. સિમ્સ હોસ્પિટલના ચેરમેન ડો. કેયુર પરીખે જણાવ્યું હતું કે ઈન્સ્ટિટ્યૂટ ઓફ એચપીબી સર્જરી અને લિવર ટ્રાન્સપ્લાન્ટ શરૂ કરતાં અમે ગર્વની લાગણી અનુભવીએ છીએ. તેના કારણે અમારી યશકલગીમાં એક વધુ પિચ્છનો ઉમેરો થયો છે. અમે અમારા દર્દીઓને વધુ સારી સેવા આપી શકીશું. મને વિશ્વાસ છે કે આ દિશામાં અમે સફળતાના નવા સીમાચિહ્ન હાંસલ કરીશું. અત્રે ઉલ્લેખનીય છે કે ભારતમાં લિવર ટ્રાન્સપ્લાન્ટના કિસ્સાઓ વધી રહ્યા છે. દર વર્ષે દેશમાં બે લાખ દર્દીઓ લિવરની બીમારીનાં કારણે મૃત્યુ પામે છે જેમાંથી ૫૦થી ૬૦ હજાર દર્દીઓને લિવર ટ્રાન્સપ્લાન્ટની જરૂર હોય છે. વિશ્વમાં રોજની ૨૫ હજાર લિવર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી થાય છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં સંયુક્ત કર્મચારી મોરચાએ આજે આપેલા ધરણાના કાર્યક્રમ દરમ્યાન સે. ૬, ૭ અને આસપાસના વિસ્તારોમાં પાણીની બોટલો વેપારીઓ પાસે ખુટી પડી હતી.
- સંયુક્ત કર્મચારી મોરચાએ આજે આપેલ ધરણાનો કાર્યક્રમ ઐતિહાસિક બની રહ્યો. કર્મચારી સંગઠનો એક મંચ પર એકત્ર થયા એટલુ જ નહિ સ્વયંશિસ્ત અને સકારાત્મક અભિગમનો સૌને અનુભવ કરાવ્યો.
- એક સપ્તાહની રજા પરથી આજે મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલ પરત ફર્યા છે અને તેમણે શાખાધિકારીઓ સાથે સાપ્તાહિકી સમીક્ષા બેઠક પણ કરી હતી.
- જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ સંપૂર્ણ સ્વસ્થ થઈ જતાં તેઓએ તેમની ઓફિસ પહેલા માળે આવી છે ત્યાંથી આજે કામગીરી શરૂ કરી છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે કોરોનાનો એકપણ કેસ ન નોંધાતા તંત્રએ રાહત અનુભવી છે.
- કલોલ તાલુકાની આનંદપુરા પ્રા. શાળામાં બાળકો માટે સ્વરક્ષણની તાલિમનો કેમ્પ યોજાયો હતો.
- બાલવા પ્રા. શાળાનો સ્થાપના દિવસ પૂર્વ વિદ્યાર્થીઓની હાજરીમાં ઉજવાયો હતો.
- ગ્રામ્ય વિસ્તારમાં તસ્કરોની ટોળકી સક્રિય થતાં પોલીસતંત્ર સામે પડકારની સ્થિતિ ઉભી થઈ છે.
- રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજે દહેગામના કંથારપુર વડની મુલાકાતે જનાર છે.

ઘર પાસે પાર્ક કરેલી સ્વીફટ ડીઝાયરને જીપ ડાલાની ટકકરથી નુકશાન

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સેકટર-૩ એ ન્યું ખાતે વિજય પરમેશ્વર પીલ્લઈ પોતાના પરિવાર સાથે રહે છે. પોતાના ઘર પાસે તેઓએ ગાડી સ્વીફટ ડીઝાયર પાર્ક કરી હતી. ત્યારે ગત તા.૭ ના રોજ પોણા આઠ વાગ્યાના અરસામાં જીપ ડાલા નં. જી.જે.૦૮.એ.યુ.-૩૯૪૪ ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ઉભી રહેલી સ્વીફટ કારને ટકકર મારી હતી. આ બનાવમાં સ્વીફટ કારને બોનેટના ભાગે તેમજ કારનો કાચ સહિત હેડ લાઈટને નુકશાન પહોંચ્યું છે. જયારે ટકકર મારી જીપડાલુ લઈને ચાલક નાસી ગયો હતો. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે જીપડાલાના ડ્રાઈવર સામે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ચંદ્રાલા પાસે લકઝરી બસના મુસાફર પાસેથી દારૂના ૯૬ ટ્રેટા પેક મળ્યા

ગાંધીનગર, તા.૯

ચિલોડા પોલીસ મથકના કર્મચારી હરેન્દ્રસિંહ નટુભા જાડેજા અને વિષ્ણુગીરી ગોવિંદગીરી ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેંકીગની કામગીરી કરી રહ્યા હતા. તે સમયે હિંમતનગર તરફથી આવી રહેલી ઈશ્વર ટ્રાવેલ્સની બસ ન.આર.જે. ૩૦.પીબી.-૧૧૧૬ ભીમથી અમદાવાદ આવી રહી હતી. ત્યારે ચંદ્રાલા નાકા પોઈન્ટ પર બસને રોકાવી સાઈડમાં ઉભી રખાવી ડ્રાઈવર-કંડકટરને સાથે રાખી બસમાં બેઠેલા મુસાફરોનો સામાન ચેક કરતા હતા. તે સમયે એક મુસાફર શંકાસ્પદ રીતે પોતાની સીટની નીચે બેગ સંતાડી બેઠો હતો. પોલીસે મુસાફરની બેગ ખોલાવી તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂના ટ્રેટા પેક મળી આવ્યા હતા. પોલીસને તે શખ્સનુ નામ પુછતા જીતુભાઈ ચંપકભાઈ મદનભાઈ ગોહિલ (ઉં.૩૪ રહે.૫૧-૧ સોરાઈનગર ગલી નંબર-૪ ખોડીયાર નગર વાસણા) હોવાનું જણાવ્યું હતું. જયારે પોલીસને થેલામાંથી ૯૬ ટ્રેટા પેક મળી આવ્યા હતા. પોલીસે રૂ.૮૦૬૪ ની કિંમતના ટ્રેટા પેક કબ્જે કરી પ્રોહીબિશન હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

જમીયતપુરા ગામેથી જુગાર રમતા ત્રણ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૯

અડાલજ નજીક આવેલા જમીયતપુરા ગામની ગામ પંચાયત પાછળ આવેલા મેદાનમાં જુગાર રમતા ત્રણ જુગારીઓને રૂ.૪૯૨૦ ના મુદ્દામાલ પકડી પાડી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમા હતા.તે સમયે ખાનગી રાહે બાતમી મળી હતી કે જમીયતપુરા ગ્રામ પંચાયત પાછળ ખુલ્લા મેદાનમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે સ્થળ પર જઈ દરોડો પાડતા ગોળ કુંડાળુ વળીને જુગાર રમી રહેલા ગામની લીમડીવાળા વાસ ખાતે રહેતા ૪૦ વર્ષિય વેલાજી ગલાજી ઠાકોર, લીંમડીવાળા વાસ ખાતે રહેતા ૩૯ વર્ષિય દિનેશજી આતાજી ઠાકોર, તેમજ મહાદેવવાળા વાસ ખાતે રહેતા રસિકજી ભીખાજી ઠાકોર ને પકડી પાડ્યા હતા. પોલીસે દાવ પરથી અને અંગજડતી દરમિયાન રોકડા રૂ.૪,૯૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

શહેરના ખ-૫ સર્કલ પાસેથી એકટીવાની ચોરી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના ખ-૫ એલડીઆરપી સેકટર-૨૪ કોર્નર પાસેથી એકટીવાની ચોરી થઈ છે. એકટીવા ચોરી અંગે યુવકે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૧૪ પ્લોટ નં.૧૪૮-૨ ખાતે માતા-પિતા સાથે રહેતા જય ગીરીશભાઈ ભાંડે (ઉં.૨૦) એલડીઆરપી કોલેજમાં ડીપ્લોમાં એન્જીનીયરીંગના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે. એલડીઆરપી કોલેજ જવા માટે જય પાસે એકટીવા નં. જી.જે.૧૮.સી.ડી.૯૨૮૬ છે. જયે તા.૫-૫-૨૨ ના રોજ સવારના આશરે સાડા દશ વાગે એકટીવા એલડીઆરપી કોલેજની સામે સેકટર-૨૪ ના ખુણા પાસે ગ-૫ તરફ જતા માર્ગ પરની બાજુમાં પાર્ક રલી કોલેજમાં ગયો હતો. ત્યારબાદ બપોરના પોણા ચાર વાગ્યાના અરસામાં કોલેજની બહાર આવીને જોયુ તો એકટીવા પાર્ક કરેલી જગ્યા પર ન હતું. યુવકે આસપાસના વિસ્તારમાં ખાનગી રીતે તપાસ કરી હોવા છતા એકટીવા મળી ન આવતા સેકટર-૨૧ પોલીસ મથકે યુવકે રૂ.૪૭ હજારના એકટીવા ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

૬૦૦ બેડની હોસ્પિટલની લીફટમાં પાણી ભરાયા

ગાંધીનગર, તા.૯ ફોટો

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં સમસ્યાઓ સમવાનું નામ લેતી નથી.૬૦૦ બેડની ઈમારતમાં આવેલી લીફટમાં પાણી ભરાઈ જવાની સમસ્યા યથાવત રહી છે. આજે પણ લીફટમાં પાણી ભરાઈ જવાથી તંત્ર દ્વારા મોટર મુકીને પાણી નીકાળવુ પડ્યું હતું. પરંતુ પાણી આવે છે ક્યાંથી તે પીઆઈયુ તંત્ર હજુ સુધી શોધી શકયું નથી.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર હોસ્પિટલમાં રોજના હજજારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. ત્યારે ૩૦૦ થી વધુ દર્દીઓ એડમીટ થયેલા હોય છે. જયારે સિવિલનો તાત્કાલીક વિભાગ અને ઓપીડી વિભાગ દર્દીઓથી ધમધમતો જોવા મળે છે. ત્યારે સિવિલ હોસ્પિટલમાં જેમ વધુ બિલ્ડીંગ બનતા ગયા તેમ પ્રશ્નો પણ વધી રહ્યા છે. ત્યારે આધુનિક રીતે તૈયાર કરાયેલા ૬૦૦ બેડની હોસ્પિટલ બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફલોર પર આવેલી લીફટમાં પાણી ભરાઈ જવાની સમસ્યા જુની છે. આ સમસ્યાનું સમાધાન પીઆઈયુ વિભાગ લાવી શક્યુ નથી. લીફટમાં સમયાંતરે પાણી ભરાઈ જતા મોટર મુકીને નીકાળી દેવામાં આવે છે. પરંતુ કાયમી હલ સમસ્યાનો

આવતોન હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જયારે લીફટ પાણીને પગલે બંધ રહેતા દર્દીઓ, સ્ટાફ અને તમામ વ્યકિતને તકલીફનો સામનો કરવો પડે છે. ત્યારે ગ્રાઉન્ડ ફલોર પર આવેલી લીફટમાં પાણી ભરાઈ જવાની સમસ્યાનો કાયમી ઉકેલ આવે તેવી માંગ ઉઠવા પામી છે.

જુની પેન્શન યોજના લાગુ કરવા શહેરમાં શિક્ષકો-કર્મચારીઓનો મહેરામણ ઉમટ્યો

ગાંધીનગર, તા.૯

આજે ફરીવાર શહેરની છાવણી ખાતે શિક્ષકોનો માનવ મહેરામણ જોવા મળ્યો હતો. રાજયભરમાંથી જ સવાર થી શિક્ષકો આવવાની શરુઆત થઈ ગઈ હતી. સત્યાગ્રહ છાવણી ખાતે ગુજરાત રાજય સંયુકત કર્મચારી મોરચાના નેજા હેઠળ શિક્ષકો તેમજ રાજયના ૪૦ થી વધુ સંગઠન દ્વારા જુની પેન્શન યોજના મુજબ લાભ આપવાની માંગ કરી હતી. ત્યારે રાજયના વિવિધ સંગઠનના કર્મચારીઓ સહિત શિક્ષકો હજજારોની સંખ્યામાં હાજર રહીને ધરણા પ્રદર્શનના કાર્યક્રમો યોજયા હતા.

રાજય સરકારના વિવિધ વિભાગમાં વર્ષ ૨૦૦૫ પછી ભરતી થયેલા કર્મચારીઓને જુની પેન્શન યોજના રદ કરી દેવામાં આવી છે. તેના સ્થાને નવી પેન્શન યોજના અમલી કરાઈ છે. તે ઉપરાંત કરાર આધારીત, ફિકસ પગારથી કર્મચારીઓની ભરતી કરાઈ છે. ત્યારે નવી પેન્શન યોજનામાં નિવૃત થયા હોય તેવા કર્મચારીઓને ઘર ચલાવવુ મુશ્કેલ બન્યું છે. ત્યારે રાજયની વિવિધ સરકારી વિભાગમાં ફરજ બજાવતા સરકારી કર્મચારીઓના સંગઠનો પણ નવી પેન્શન યોજના બંધ કરી જુની પેન્શન યોજના શરુ કરવા માંગ ઉઠી છે.

ગુજરાત રાજય સંયુકત કર્મચારી મોરચા અને વિવિધ ૪૦ થી વધુ સંગઠનો દ્વારા રાજયમાં જુની પેન્શન યોજના ચાલુ કરવા, સહિત અન્ય પ્રશ્નો જેવા કે ફિકસ પગારની પ્રથા, કરાર આધારીત ભરતી બંધ કરવી, સાતમા પગારપંચના અન્ય લાભો આપવા, પ્રાથમિક શિક્ષકની જેમ બીજા કર્મચારીઓને પણ સળંગ નોકરીનો લાભ આપવો, શૈક્ષણિક કર્મચારી સિવાયના કર્મચારીઓને કેન્દ્રના ધોરણે ૧૦,૨૦, અને ૩૦ મુજબ ઉચ્ચર પગાર ધોરણના લાભ આપવા સહિતનો સમાવેશ થાય છે. ત્યારે આજે પાટનગરની છાવણી ખાતે શિક્ષકો તેમજ કર્મચારીઓ મોટીસંખ્યામાં હાજર રહીને ધરણા યોજયા હતા.છાવણી ખાતે હકડેઠઠ ભીડ જામી હતી. છાવણી આસપાસના માર્ગો પર તેમજ સેકટરોમાં ગાડીઓનો ખડકલો જોવા મળ્યો હતો. જયારે શિક્ષકો તેમજ કર્મચારીઓ પોતાની માંગણીઓ મુદ્દે કાળી પટ્ટી ધારણ કરી ધરણા કર્યા હતા.

'ઘ' રોડ પર ટ્રાફિકની સમસ્યા દિવસે દિવસે વધતી જાય છે. ટ્રાફિકની સમસ્યાને દૂર કરવા ટ્રાફિક પોલીસ દ્વારા વારંવાર ઝુંબેશ શરૂ કરવામાં આવે છે પરંતુ તેની વાહનચાલકો પર કોઈ ખાસ અસર થતી હોય તેવું લાગતુ નથી. સવારે અને સાંજના સમયે અહીં ભરચક ટ્રાફિક જામ રહે છે.

શહેરના ૨૨-૨૩ ના કટ પાસે અચાનક યુવક ઢળી પડતા મૃત્યુ

ગાંધીનગર, તા.૯

"ન જાણ્યું જાનકી નાથે કાલે સવારે શું થવાનું છે" આ પંકિતને સાર્થક કરતો કિસ્સો ગાંધીનગરમાં બનવા પામ્યો છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં પડી રહેલી અંગદઝાડતી ગરમી વચ્ચે ઘ માર્ગ પર સેકટર-૨૨-૨૩ ના કટ પાસે ચાલીને જઈ રહેલો યુવક અચાનક નીચે પડી ગયો હતો.

આ યુવક ઢળી પડતા જ રાહદારીઓ અને અન્ય નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. હાજર સ્થાનિક નાગરીકોને પ્રથમ ગરમીમાં લુ લાગવાથી યુવક બેભાન થઈ ગયો હોવાનું લાગ્યું હતું.

પરંતુ તેને ચેક કરતા યુવકનું પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. બનાવની જાણ થતા પોલીસ પણ દોડી આવી હતી. યુવકના મૃતદેહને પીએમ અર્થે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી હતી. જયારે યુવકનું હાર્ટ એટેક થી મૃત્યુ થયુ હોવાનું ધ્યાને આવ્યું છે. જયારે મૃતક યુવાન દહેગામ તાલુકાના કેશરપુરા ગામનો ૪૨ વર્ષિય યુવક લાલાજી ઉમેદજી ઠાકોર હોવાનું જાણવા મળ્યું છે.

સેકટર-૪ ના કટ પાસે કારની ટકકરે સાયકલ ચાલકને ઈજા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સેકટર-૪ એ પ્લોટ નં.૧૦૯૨-૧ ખાતે રહેતા અરવિંદભાઈ રેવાભાઈ મકવાણા (ઉં.૫૦) પરિવાર સાથે રહે છે. અરવિંદભાઈ ગત તા.૧૨ એપ્રિલના રોજ આશરે સાંજના સાત વાગ્યાના અરસામાં સાયકલ લઈને ઘરે પરત ફરી રહ્યા હતા. તે સમયે ગ માર્ગ પર સેકટર-૪ ના કટ પાસે ગાડી નં.જી.જે.૧૮.બી.એ.-૧૫૭૩ ના ચાલકે ગફલતભરી રીતે ગાડી હંકારી સાયકલ ચાલકને પાછળથી ટકકર મારતા ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલીક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. કાર ચાલક જ ઈજાગ્રસ્તને સારવાર માટે લઈ ગયા હતા. જયારે ડોકટરે તપાસ કરતા સાયકલ ચાલક અરવિંદભાઈને જમણા પગે ફેકચર હોવાનું જણાવ્યું હતું. બનાવ અંગે સાયકલ ચાલકે કાર ચાલક સામે ફરીયાદ નોંધાવતા આગળની તપાસ હાથ ધરી છે.